

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




રગેરગમાં ફેલાયેલું વ્યસન છોડવા જેવું છે,
પોતાના જ પગપર કુહાડો ફોડવા જેવું છે,
દોડવા જેવું છે રણમાં મૃગજળની પાછળ -
'કાળાં નાણાં'નું તો આકાશી તારા તોડવા જેવું છે
(ચૂંટણી વચનમાં 'યુ' ટર્ન)

હાઈકુ



કેન્દ્ર યુનિટ,
દઇને આવ્યા હાથ -
સ્વીસ ડેલીએ..
(નામ-રકમ જાહેર તો કરો!)

બતાવી દે છે,
દર્પણ જનારા ને -
સ્વીસ ની બેન્કો..
(બધા લીંપેલા જ છે)

## ચિંતન

**વરં દારિદ્રયમ ન્યાય પ્રભવ દ્વિભવા દિહ । કૃશતાભિમતા દેહે પીનતા ન તુ શોફ્નઃ ॥**

અન્યાયથી મળેલા ધન-વૈભવ કરતાં તો ગરીબી-દરિદ્રતામાં જ રહેવું સારું. સોજા ચઢવાથી પુષ્ટ-જાડું દેખાતાં શરીર કરતાં તો પાતળું સોટા જેવું શરીર શું ખોટું?!

આજકાલ અન્યાય-કપટ-કૌભાંડ દ્વારા એક કા તીન ના ખેલ રચી - નિર્દોષ-ભોળાં લોકોને છેતરી, ધન-વૈભવ-એકત્ર કરવામાં આવે છે. આવો કોઇના નિઃશ્વાસ લઇને, કોઇના પરિશ્રમની મૂડી પચાવી પાડીને ધનવાન થવા કરતાં તો ગરીબ રહેવું વધારે સારું-આવું ધન, પૈસા, સુખ-શાંતિ કદાપિ આપી શકતું નથી.

આ વાત સમજાવવા દૃષ્ટાંત આપતાં કહ્યું છે કે આજકાલ દોડવીર-બોક્ષરો - નશીલી દવાઓ લઇને કે જીમ્સના દાવ પ્રયોગો કરી શરીરને ફૂલાવી ખોટું 'માંસલ' શરીર બતાવે છે સમય જતાં નશો ઉતરી જતાં આ દેખાવ ફૂગ્ગાની જેમ ઢીલોઢફ થઇ જાય છે. સોજાથી તંદુરસ્ત દેખાતું શરીર આરોગ્ય પ્રદ નથી. એક જાતનો રોગ જ છે.

## સુવિચાર

- સદા પ્રસન્ન રહેવું હોય તો પ્રશંસા પામવાની ઇચ્છાનો ત્યાગ કરો- **એસ. ભટ્ટાચાર્ય**
- આધ્યાત્મ હોય કે સંસાર બેવમાં વાણી કરતાં મૌનનું મહત્ત્વ વધારે છે **- સંત એલીસ**
- જો મૌન જ દરેક પરિસ્થિતિમાં ઉત્તમ ગણાતું હોય તો જયારે કોઇ આપણી સાથે વાત ન કરતું હોય ત્યારે આપણે દુઃખી કેમ થઇ જઇએ છે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જગત જનની આપણા પર પ્રસન્ન રહે તે માટે ખુદની જનની ને પણ પ્રશન્ન રાખવી જરૂરી છે **- ભાણદેવ**
- પ્રસન્નતા આત્માનું ટોનિક છે અને ગમગીની આત્માનું ઝેર છ- **ડો. જગદીશ ત્રિવેદી**
- જિંદગી કેટલી છે કોને ખબર છે.. કયું પંખી કયારે ઊડી જાય કોને ખબર... જીવીલો થોડીક પળો પ્રેમથી.. આ શ્વાસ કયારે દગો દઇ જાય કોને ખબર... **- આદિલ**
- આજનો માનવી વર્તમાનમાં જીવે એવું કદાચિત જ હોય છે, કયાં તો તે ભૂતકાળથી પીડિત હોય છે, કયાં તો એ ભવિષ્ય અંગે ચિંતિત હોય છે **- જનકલ્યાણ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણામાં કોઇ ક્ષતિ હોય, કુટેવ હોય વ્યસન હોય, તો મન મક્કમ કરી પ્રયત્ન અને પુરૂષાર્થ કરવાથી તમારા પ્રયાસ સફળ જરૂર થાય જ છે આત્મવિશ્વાસ અને મનોબળ હોવાં જરૂરી છે.

ગ્રીસના ચિંતક-વ્યાખ્યાનકાર ડેમોસ્થનીસ આજે વિશ્વમાં સારા સ્પષ્ટ વકતા અને ચિંતક તરીકે પ્રખ્યાત છે.

પરંતુ, એ પહેલાં યુવાન હતા ત્યારે એમની જીભ થોથવાતી હતી અને તોતડાશ પણ હતી. આ તકલીફોને કારણે એમનું બોલવાનું બહુ જ ઓછા લોકો સમજી શકતા હતા.

ડેમોસ્થનીશે સ્પષ્ટ બોલવા મન મક્કમ કર્યું. અને મોઢાંમાં કાંકરા ભરી દરિયા કિનારે જઇ મોટે મોટેથી વ્યાખ્યાનની પ્રેકટીસ કરવા લાગ્યા. ખૂબ પ્રયત્ન પછી એમની જીભ ખૂલ્લી તોતડાશ અને થોથવાતી બંધ થઇ.

પછી જાહેર વ્યાખ્યાનો આપવા લાગ્યા અને મહાનચિંતક અને વ્યાખ્યાતા તરીકે પ્રસિદ્ધ થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# આતશબાજી વખતે ઈચ્છાનુસાર રંગ અને ડિઝાઈન મેળવવા માટે ફટાકડાંની વિશિષ્ટ બનાવટ કરવામાં આવે છે, આ માટે ધાતુના તત્ત્વોને ફટાકડાંની અંદર કયા આકારમાં મૂકવામાં આવે છે તે મહત્ત્વનું છે

ભારતની દિવાળી હોય, ૪ જુલાઈએ અમેરિકાના આઝાદી દિનની ઉજવણી હોય, ૯ ઓગસ્ટે સિંગાપોરના રાષ્ટ્રીય દિવસની ઉજવણી હોય, ચીનમાં ઉનાળામાં ઉજવાતો હાનાબી તાઈકેઈ ફેસ્ટિવલ હોય કે પછી બ્રિટનમાં પાંચમી નવેમ્બરની ગાય પોક્સ નાઈટ હોય - આ બધામાં એક વસ્તુ કોમન છે તે છે ફાયરક્રેકર્સ, બોલે તો ફટાકડા. ઈન્ડિયા હો યા અમેરિકા, પટાકડાંની બધે જ બોલબાલા છે ને ભારતમાં તો દિવાળીના દિવસો અગાઉથી જ ફટાકડાંની ધબધબાટી શરૂ થઈ જાય છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં દિવાળીની ઉજવણીમાં ફટાકડાં નામની કોઈ બલાનો ઉલ્લેખ જ નથી, ને તેમ છતાં આજે પરિસ્થિતિ એવી છે કે દિવાળીની સાથે ફટાકડાનું નામ અભિન્ન રીતે સંકળાયેલું છે, તે ત્યાં સુધી કે બાળકોને તો દિવાળી કહીએ એટલે કપડાં-લત્તા તો ઠીક પહેલાં તો ફટાકડાં જ યાદ આવે. ને કેમ ન આવે. ફટાકડાં વસ્તુ જ એવી છે કે, ટેણિયાઓથી માંડીને વડીલો ને પ્રૌઢોને પણ તેનું આકર્ષણ હોય. તનકતારા, કોઠી, ચકરડી, બોમ્બથી લઈને રોકેટ ફોડવામાં જાણે પરમાનંદ આવે, ને એમાંય આતશબાજી જોવાની તો કંઈ મજા જ ઑર હોય. જો કે ફટાકડાં આપણે નાની અમસ્થી દિવાસળી કે તનકતારો ચાંપીને ધડાકાભેર ફોડીએ, તે ફટાકડાંની બનાવટથી માંડીને તેના વિસ્ફોટ સુધી વિજ્ઞાન અનેક રીતે કામ કરતું હોય છે, ને આકાશમાં થતી અવનવી આતશભાજીઓ તો ફટાકડાંની સુવ્યવસ્થિત અને વૈજ્ઞાનિક બનાવટને જ આભારી છે.

જયારે આતશભાજી કરીએ ત્યારે રાતનું કાળુડિંબાંગ આકાશ જાતભાતના ઈન્દ્રધનુષી રંગોથી રંગાઈ જાય ને એવું ભવ્ય દશ્ય સર્જાય છે કે, જોઈને આંખો ઠરે. રંગોની આ રંગોળી કરામત પાછળ ચોક્કસ પ્રકારનું વિજ્ઞાન કામ કરતું હોય છે. ફટાકડાંમાં દારૂગોળો ભરેલો હોય છે એ આપણે બધા જાણીએ, ચીએ, પણ વાસ્તવમાં દારૂગોળામાં પોટેશિયમ નાઈટ્રેટ, સલ્ફર અને ચારકોલ જેવાં તત્ત્વો હોય છે, જે એક પ્રકારના સિલિન્ડરમાં બંધ હોય છે. ફટાકડાંને સળગાવતાં તેમાં રહેલાં ઓક્સિડાઈઝર અન્ય રાસાયણિક બંધારણોને ઉત્તેજિત કરે છે, તેને કારણે તે રાસાયણિક બંધારણોમાં સંગ્રહાયેલી ઊર્જા છૂટી પડે છે, સાથે પ્રકાશ ઉત્પન્ન થાય છે. આમ, ફટાકડાંના ઝગમગાટ પાછળ આવી ક્રમિક અને ચોક્કસ પ્રક્રિયા થાય છે. ફટાકડાંની બનાવટ જ એવી રીતે કરવામાં આવે છે, જેથી ઈચ્છાનુસાર રંગ આતશબાજીમાં જોવા મળે. મૂળે ચીનમાં પર્વતમાં રહેતા કદાવર માણસોને ડરાવવા માટે ફટાકડાંની શોધ થઈ હતી. જો કે ફટાકડાંની શોધ ભલે ચીનમાં થઈ હોય, પણ આતશભાજીની શોધ ઈટાલીમાં થઈ હતી.

● રંગ ઉત્પન્ન કરવા માટેની પ્રક્રિયા

ફટાકડાંનાં વિસ્ફોટમાંથી રંગ ઉત્પન્ન કરવા માટે મુખ્ય બે પ્રક્રિયા છે : ઈન્કેન્ડેસન્સ અને લ્યુમિનેસન્સ. ઈન્કેન્ડેસન્સ એટલે ગરમી સાથે થતો પ્રકાશ. (૧) ઈન્કેન્ડેસન્સમાં ફટાકડાંની અંદર રહેલાં ધાતુતત્ત્વો ગરમ થાય છે, જેને કારણે ચળકાટ પેદા થાય છે. આ પ્રકાશ પહેલાં અત્યંત લાલ, પછી લાલ, કેસરી, પીળો થાય છે ને પદારથ જેમ વધુ ગરમ થાય તેમ પ્રકાશ વધુ સફેદ થાય છે. જયારે ફટાકડાંનું તાપમાન નિયંત્રણમાં આવે ત્યારે તેમાં ભેળવેલા વિભિન્ન ધાતુતત્ત્વોની મદદથી ઈચ્છિત રંગ પ્રાપ્ત થાય છે. એલ્યુમિનિયમ, મેગ્નેશિયમ અને ટાઈટેનિયમ જેવાં તત્ત્વો ફટાકડાંનું તાપમાન વધારવા માટે ઉપયોગી છે. (૨) લ્યુમિનેસન્સમાં ગરમી વિના જ પ્રકાશ પેદા થાય છે. લ્યુમિનેસન્સની પ્રક્રિયા સામાન્ય રૂમ ટેમ્પેચર પર પણ થઈ શકે છે. આ પ્રક્રિયામાં પદાર્થના અણુ કે પરમાણુના ઈલેકટ્રોન ઉર્જા એકત્રિત કરે છે, જેથી ઈલેકટ્રોન થોડી ક્ષણો માટે ઉત્તેજિત થાય છે. ઈલેકટ્રોન જયારે શાંત થાય ત્યારે તે ઉર્જાને પ્રકાશના રૂપમાં છોડે છે. ઈલેકટ્રોન દ્વારા મુક્ત કરાયેલી ઊર્જાનું પ્રમાણ તે પ્રકાશનો રંગ કે પ્રકાશની લંબાઈ નક્કી કરે છે.

● કયા રંગ માટે કઈ ધાતુ જવાબદાર

ફટાકડાં ફૂટતા તેમાંથી ઈચ્છિત રંગ પ્રાપ્ત કરવા ચોક્કસ પ્રકારનાં ધાતુતત્વો ઉમેરવામાં આવે છે, જેને સળગાવતાં રંગીન પ્રકાશ પેદા થાય. ફટાકડામાંથી ઉત્પન્ન થતો સૌથી સામાન્ય રંગ છે પીળો. પીળો રંગ ઉત્પન્ન કરવા ફટાકડામાંથી સોડિયમ ભરવામાં આવે છે. તેવી રીતે જુદી જુદી ધાતુઓ જુદા જુદા પ્રકારના રંગો માટે જવાબદાર છે. બેરિયમને કારણે લીલો, કેલ્શિયમને કારણે નારંગી, લિથિયમને કારણે લાલ, કોપરને કારણે ભૂરો રંગ ઉત્પન્ન થાય છે. ચારકોલ ને લોહતત્વને કારણે સોનેરી તેમજ ટાઈટેનિયમ, એલ્યિમનિયમ, બેરિલિયમ અને મેગ્નેશિયમને કારણે સફેદ રંગ ઉદ્ભવે છે. પોટેશિયમ દ્વારા ગુલાબી ઝાંયવાળો જાંબલી અને રુબિડિયિમ દ્વારા લાલાશ પડતો જાંબલી રંગ જોવા મળે છે. વળી, કેટલાંક રંગો રંગચક્રના નિયમો અનુસાર બે રંગોના મિશ્રણની બનાવટમાં આવે છે.

● જુદી જુદી ઈફેક્ટ કઈ રીતે થાય.

આતશબાજી થાય ત્યારે તેમાંથી ફૂલનો આકાર સર્જાશે કે તારાનો તે પહેલેથી જ નક્કી હોય છે. આતશબાજી વખતે ઈચ્છાનુસાર રંગની જેમ ઈચ્છાનુસાર ડિઝાઈન મેળવવા માટે પણ ફટાકડાની વિશિષ્ટ બનાવટ કરવામાં આવે છે. આ માટે ધાતુના તત્ત્વોને ફટાકડાંની અંદર કયા આકારમાં મુકવામાં આવ્યા છે. તે મહત્ત્વનું છે. જો ધાતુતત્ત્વોને તારાના આકારમાં મૂકવામાં આવ્યા હોય તો તે આતશભાજી થતાંની સાથે છૂટેલા પ્રકાશનાં કિરણો આકાશમાં તારાની સુંદર ભાત સર્જશે. જો ઘોડાની પૂંછડીના આકારમાં ધાતુત્તત્વો મૂકવામાં આવ્યા હોય તો આકાશમાં તે જ રંગની ડિઝાઈન નજરે પડશે, કેમ કે આ ધાતુતત્ત્વો આકાશમાં છોડવા છતાં ફટાકડાંમાં તેમને જે આકારમાં મૂકવામાં આવ્યા હોય તે આકારને જાળવી રાખે છે. આતશભાજી દ્વારા જાતભાતના આકારો ઊભા કરવામાં આવે છે, જેમને ફટાકડાંની દુનિયામાં જુદાં જુદાં નામે ઓળખવામાં આવે છે. એમાંથી એક છે : કામુરો ઈફેક્ટ. કામુરો એ જાપાનીઝ શબ્દ છે, જેનો અર્થ થાય છે છોકરાના વાળ. જયારે આતશબાજીને છોડવામાં આવે છે ત્યારે તેના નામને ચરિતાર્થ કરતું હોય તેમ ગોળાકારમાં છોકરાના વાળવાળા માથાં જેવી રચના થાય છે. તેમાં સિલ્વર કે ગોલ્ડ કલરના સ્ટાર ખૂબ ચળકાટ સાથે જગમગે છે. જાણીતા ઈફેક્ટમાંની એક છે. સ્પાઈડર ઈફેક્ટ. તેમાં આતશબાજી ફોડતાં પ્રકાશનાં કિરણો તીવ્રતાથી ઊંચે જાય છે ને પછી ધીમે રહીને કિરણો તીવ્રતાથી ઊંચે જાય છે ને પછી ધીમે રહીને નીચે પડે છે. આ ચોક્કસ આકારમાં નીચે પડતાં કિરણો કરોળિયાના પગ જેવા દેખાતા હોવાથી તેને સ્પાઈડર ઈફેક્ટ નામ અપાયું છે. મલ્ટી બ્રેક શેલમાં આતશબાજીના એક મોટા ડબ્બા ભરવામાં આવે છે. મુખ્ય ડબ્બો ફૂટ્યા બાદ આ બધા નાના ડબ્બાઓ આકાશમાં એક પછી એક એવી રીતે ફૂટે છે, જેથી આકાશમાં ભવ્ય ગુલદસ્તા જેવી આકૃતિ સર્જાય છે. તેવી રીતે આતશબાજી સળગાવતા આકાશમાં જુદી જુદી દિશામાં વેરવિખેર રીતે વિસ્ફોટ થાય તો તેને ફિશ ઈફેક્ટ કહેવામાં આવે છે. આવી તો અનેક નાની મોટી ઈફેક્ટ સર્જવા માટે આતશબાજીની વિશિષ્ટ રીતે બનાવવા કરાય છે.

● હાલમાં ફટાકડાંનો લેટેસ્ટ ટ્રેન્ડ

જેવી રીતે કપડાંમાં કે ઘરની ડિઝાઈનમાં લેટેસ્ટ ટ્રેન્ડ હોય તેમ ફટાકડાંમાં પણ લેટેસ્ટ ટ્રેન્ડ હોય જ ને વળી! આપણા બાપ-દાદાના સમયની તનકતારા, કોઠી, ચકરડી, ગુલકંદ, બોમ્બ જેવા ફટાકડાં ફોડાતાં આવ્યાં છે, પરંતુ સમય જતાં એકદમ તીણો અવાજ કરતાં સુરસુરિયાં, સાતતારા, આતશબાજી, માટલા કોઠી એમ નવા નવા ફટાકડામાંય કેટલાંક ફટાકડાં ખાસ ચલણમાં હોય છે. આ વર્ષે બજારમાં પરંપરાગત ફટાકડાંઓની સાથે એવાં ફટાકડાંઓનું પ્રમાણ વધતું જાય છે. જેમને નવાનક્કોર વેશમાં રજૂ કરવામાં આવે. આ વર્ષે બેન ટેન, ટ્વિટી, ટોમ, જેરી, છોટા ભીમ વગેરે બાળકોનાં ફેવરીટ કાર્ટૂનપાત્રોની છાપ ધરાવતા સુરસુરિયાં, રોકેટ, ચકરડી, ચકરડી વગેરેનું પ્રમાણ બજારમાં વધી રહ્યું છે, ને બાળકો પણ આવા ફટાકડાં પ્રત્યે ખાસ આકર્ષાય છે.

આમ, નાના મોટાં કાળાં-ધોળા, ધમાકેદાર-શાંત એમ ગણ્યા ગણાય એટલી જાતનાં ફટાકડાં આપણી પાસે પડ્યાં છે. પરંતુ, આ ફટાકડાં ફોડવાને કારણે અસ્થમા, ઉધરસ, ફેફસાની તકલીફ એમ વિવિધ પ્રકારની બિમારીઓ થઈ શકે તેમજ આગ લાગવાની કે દાઝી જવાની ઘટનાઓ પણ ફટાકડાનાં બેફામ ઉપયોગ સામે લાલ બત્તી ધરતી આવી છે. જો કે તેથી ફટાકડાં તદન નહિ જ ફોડવા એવું નથી. જો બકા દિવાળી છે તો ફટાકડાં તો ફોડવાનાં જ, પણ એવી કોઈ પણ રીતે ન ફોડવા જેથી આપણી આસપાસના લોકોને તે પ્રત્યક્ષ કે પરોક્ષરીતે નુકશાન કરે.

(સૌજન્ય : સાયન્સ ગાર્ડિયન)

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

દીપોત્સવી આમ જુઓ તો આત્માની અંદર પણ અજવાળાં કરવાનો આધ્યાત્મિક ઓચ્છવ; પરંતુ જનસાધારણ માટે તો એ વર્ષનો સૌથી પ્રસન્નમધુર ખુશાલીનો ઉત્સવ. આતશબાજી એ એની વિશિષ્ટ ઓળખ. આ આતશબાજી પાછળ પણ વિજ્ઞાન છુપાયેલું છે. પતંગ અને ઉત્તરાયણ વચ્ચે જેવો સંબંધ છે, દાંડિયા અને નવરાત્રી વચ્ચે જે સંબંધ છે, દાંડિયા અને નવરાત્રી વચ્ચે જે અનુબંધ છે, એવું જ કશુંક ફટાકડાં અને દિવાળી વચ્ચે 'રિલેશન' છે.

તો ચાલે, તહેવારોનાં દિવસોમાં સમજીએ - ફટાકડા પાછળનું રસપ્રદ વિજ્ઞાન!


-અયના

# સફળતા મેળવવા ઝંખતા માણસને આત્મવિશ્વાસની વૃદ્ધિનો આધાર પુરો પાડતું પુસ્તક

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

દુનિયામાં એવા ઘણા લોકો છે. જેઓ ઊંચા ઊંચા હોદ્દા પર બેઠા છે. અને તેમની પહોંચ પણ ઘણી ઊંચી છે. પરંતુ તેમ છતાં તેઓ ઘણીવાર એમ કહેતાં સાંભળવા મળે છે કે જો અમે આમ બની ગયા હોત તો આ કામ કરી દેખાડ્યું હોત. સવાલ એ છે કે તમે જે ઓછો, જેવા છો, તેમાં જ કાંઇક કરી દેખાડો આ માટે તમારામાં આત્મ વિશ્વાસ હોવો જરૂરી છે. કેમ કે આત્મવિશ્વાસ સફળતાનો આધાર છે. માનવીમાં આત્મવિશ્વાસ હોય તો તે માત્ર સફળ થઇને જ રહેતો નથી પરંતુ અન્ય માટે પણ પ્રેરણામૂર્તિ બની રહે છે. માનવી જે વિચારી શકે છે અને જેમાં વિશ્વાસ મુકી શકે છે અને તે તેને હાંસલ પણ કરી શકે છે. પરંતુ આ માટે તેની અંદર આત્મવિશ્વાસ હોવો જરૂરી છે. માનવી પાસે આત્મવિશ્વાસ હોય તો તેને તક મળે છે. પરંતુ આ તક કેવી રીતે મળે છે, કોને મળે છે અને કેમ મળે છે? આ તમામ પ્રશ્નો અંગે ગંભીરતાથી વિચાર કરવો પડશે. આપણે તકને ઓળખી જ શકતા નથી અને એમ કહેતા રહીએ છીએ કે મને તક મળી નથી તો હું શું કરું? પરંતુ જયારે તક મળી હતી ત્યારે કેટલું કરી શક્યા એ વિચારવા યોગ્ય પ્રશ્ન છે. આ પ્રશ્નનો જવાબ શોધવા માટે અવસરની સાથે આત્મવિશ્વાસ કેવી રીતે પેદા કરી શકાય તે અંગે વિસ્તાર પૂર્વક વિચારણા કરવાની જરૂર છે. આવી વિચારણા કઇ રીતે થઇ શકે તે અંગેના એક સુંદર મજાના પુસ્તકની વાત આજે માટે તમને કરવી છે.




'આત્મવિશ્વાસ સફળતાનો આધાર' પુસ્તકમાંથી પસાર થતાં જે કેટલીક મહત્ત્વની બાબતો છે. તેને લેખકે ખુબ સરસ રીતે પુસ્તકમાં ૧૦ પ્રકરણોમાં સમાવી લીધી છે. જીવનમાં સફળતાનું મહત્ત્વ શું છે તે જાણીને આત્મવિશ્વાસને અવસર પામવાનો આધાર બનાવો તો સફળતા હાથવેંતમાં મળી શકે છે. તે માટે આત્મવિશ્વાસ કયાંથી મળે એ વાતનો જવાબ પણ આ પુસ્તકમાં છે. સ્વજનોથી આપણને ખુબ જ આત્મવિશ્વાસ મળે છે. વળી આત્મવિશ્વાસ મેળવવામાં સંસ્કારો અને નૈતિક મુલ્યોનું પણ ખુબ મહત્ત્વ છે. માણસે સફળતા મેળવવા માટે અવસરને ઓળખવો પડે, અવસરને ઝડપી લેવો પડે અને અવસરનો ઉપયોગ કરવો પડે. પણ એ થાય કે હકીકતમાં અવસર શું છે? જો એટલી વાત સમજાઇ જાય તો અવસરને સફળતાની સીડી બનાવી શકાય. તે માટે આપણે આપણી પ્રાથમિકતાઓ નક્કી કરવી પડે. વિચારનો વ્યાપ વધારવો પડે કેમ કે જે ઊંચુ વિચારે છે તે જ ઉન્નતિ પામે છે. નવી નવી ચીજોને શોધો તેના ગુણ અવગુણને ઓળખો, આળસનો ત્યાગ કરી અન્યનું અનુકરણ કરો અને જીવનને ખુશ બનાવો, આ બધી ટીપ્સ આ પુસ્તકમાં આપવામાં આવી છે. મહાપુરૂષોના સુવાક્યોમાં પણ સફળતાના કેટલાક ગુણો વર્ણવ્યા હોય છે. આ પુસ્તકમાં છેલ્લે એવા જ કેટલાંક સુવાક્યો પણ આપવામાં આવ્યાં છે.

ભગવાને દરેક માનવીને દુનિયામાં કાંઇક ને કાંઇક કરવા માટે મોકલ્યો છે. દરેક માનવીની પોતાની કોઇક ભૂમિકા છે. તેનું પોતાનું મહત્ત્વ છે. દરેક વ્યક્તિ દેશનો વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ બની શકતી નથી. પણ મનોબળ મજબુત હોય તો પોતાના ક્ષેત્રમાં સફળતાના શિખરે પહોંચી શકે છે.

આત્મવિશ્વાસ શું છે અને તે કેવી રીતે જાગે છે? જો તમે આ જાણી લીધું તો તમને કામ કરવાની તક પણ મળશે અને સફળતા તમારા ચરણોમાં આળોટતી હશે. ગુરૂવર રવિન્દ્રનાથ ઠાકુર કહે છે કે આત્મવિશ્વાસ એ પક્ષી છે જે સુર્યોદય પહેલાં અંધારી રાતમાં જ પ્રાકશનો અનુભવ કરી લે છે અને ગાવા માંડે છે.


આ પુસ્તકમાં આત્મવિશ્વાસને આધાર બનાવીને સફળતાનો માર્ગ કઇ રીતે નક્કી કરી શકાય તે માટે કેટલાક ખુબ જ ઉપયોગી મુદ્દાઓ બતાવવામાં આવ્યા છે. જેને ધ્યાનમાં રાખી પ્રયત્ન કરવામાં આવે તો આત્મવિશ્વાસ સાથે સફળ બની શકાય. તે માટે જયાં સુધી તમારા મનમાં વિશ્વાસ બંધાઇ જાય નહીં કે તમે જે કામ કરવા જઇ રહ્યા છો તેમાં સો ટકાં સફળ થશો ત્યાં સુધી કામની શરૂઆત કરવા જઇ રહ્યા છો તેમાં સો ટકા સફળ થશો ત્યાં સુધી કામની શરૂઆત કરવી જોઇએ નહીં. જો તમારું મન મક્કમ થઇ ગયું તો કામની શરૂઆત કરી દો. હાં એવું બને કે જે - તે કામની અધવચ્ચે તમે નિરાશ થઇ શકો છો અને તમને હતાશા પણ સાંપડી શકે છે પરંતુ કામ પૂર્ણ થઇ જાય નહીં ત્યાં સુધી આરંભ કર્યો હતો તે જ ઝડપે કાર્ય કરતા રહો અને ભવના ભયના પ્રમાણથી બચીને રહો. કારણ કે આ સૃષ્ટિનો નિયમ છે કે જે ચીજથી આપણે ડરીએ છીએ તે આપણી તરફ વધારે આગળ વધે છે. તેથી ડરવાની જરૂર નથી. હાં મનની દશાને શાંત રાખીએ તો કોઇ પ્રકારનો ભય કે આશંકા રહે નહીં. કેમ કે આશંકા કરવી એ જ મુર્ખાઇ છે. ચિંતાઓને કોઇ આધાર હોતો નથી. અને તે મુર્ખતાપૂર્ણ હોય છે. તેથી જ તેના તરફ ધ્યાન આપવાની જરૂર નથી. બસ એટલું કરો કે પોતાની જાતને કમનસીબ માનશો નહીં. નિશ્ચિતતતા, પ્રસન્નતા અને ઉત્સાહને કાયમ રાખો તો સફળતા તમારા ચરણોમાં આળોટશે. આવી સફળતા માટેની આધારભૂત ચાવીઓ આ પુસ્તકમાંથી આપણને મળી રહે છે.

આ પુસ્તકના લેખક રામ કૈલાશ ગુપ્તા સ્વતંત્રતા સેનાની પરિવારમાં જન્મેલાં એક પ્રસિદ્ધ શિક્ષણવિદ્ છે. અનેક સાહિત્યિક ઉપલબ્ધિઓ તેમણે પ્રાપ્ત કરેલી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# એક વખતની માફી દુશ્મનને બીજી વખત વાર કરતા રોકે છે, બીજી વખતની માફી દુશ્મનને પસ્તાવો કરાવે છે અને ત્રીજી વખતની માફી દુશ્મનને દોસ્ત બનાવે છે

## આતંકવાદીને એક પત્ર



## મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

હે આતંકવાદી મિત્ર,

આપના આતંકનો આતંક લોકોના હૃદય સુધી પહોંચી ગયો છે. આપ ઈચ્છતા હતા કે લોકોના મનમાં દહેશત ફેલાઈ જાય, આપની એ ઈચ્છા ફળિભૂત થઈ એ માટે આપને હાર્દિક અભિનંદન... આપે દેશના વિકસિત શહેરોમાં અસંખ્ય વિસ્ફોટો કરીને કેટલાંય લોકોને મૃત્યુના મુખમાં ધકેલી દીધા છે. હું જાણું છું આપ જે ઈચ્છો તે બધું જ કરી શકો છો. પરંતુ આપ એ કેમ ભૂલી ગયા કે પવિત્ર કુરઆનની સૂર ૪૮માં આયાત નં. સાતમાં સ્પષ્ટ લખ્યું છે કે, "આકાશ અને ધરતીની બધી જ સેનાઓ અલ્લાહની છે." આપે આપના જ અલ્લાહના બંદાઓને, પુત્રોને, બાળકોને મોતને ઘાટ ઉતાર્યા છે.

મિત્રો, શું મળે છે આપને આ વિસ્ફોટોથી? રૂપિયા કે બદલો લીધાનો આત્મસંતોષ? આપણા જ ભાઈ-ભાંડુઓના લોહી વહાવી મેળવેલા રૂપિયા પણ શું કામના? એના કરતા તો દિલ્હીની સડકો ઉપર પેડલ રિક્ષા ચલાવીને ધોમધખતા તડકે શરીર ઓગાળી મજૂરી કરતા ગરીબ માણસને ક્યારેક ધ્યાનથી જોઈ લેજો એના શરીરમાંથી વહેતા પરસેવામાં, એના પગની ખેંચાયેલી નસોમાં તમને ખુદા દેખાશે! નહિ કે તમને મળેલા લાખો રૂપિયાના બંડલોમાં.

હે આતંકવાદી મિત્ર, આજે મારે તમને થોડી અંગત વાત પૂછવી છે! જેના વિશે માત્ર તમે જ વિચારજો! શું તમે કોઈની રાજરમતના 'પ્યાદા' તો નથી બની રહ્યાને? તમને ધર્મના નામે ગુમરાહ તો નથી કરવામાં આવી રહ્યાને? તમને આર્થિક લાલચો તો નથી અપાતી ને? તમારી આર્થિક મજબૂરીનો કોઈ ગેરફાયદો તો નથી ઊઠાવતુંને? આટલું આપ રાત્રે વિચારજો.

મિત્રો, તમે એટલું જ વિચારો કે જે લોકો તમને આવું અંતિમ કાર્ય સોંપે છે એ કાર્ય તેઓ પોતે કેમ નથી કરતા? બીજી વાત ધર્મની 'બદલો' લેવાની તો કુરઆનની સૂર-૧૬ની ૧૨૬મી આયાતમાં સ્પષ્ટ લખ્યું છે કે, "ઔર યદિ તુમ બદલા લો તો ઉતના હી જિતના તુમ્હે કષ્ટ પહુંચા હો, કિન્તુ યદિ તુમ સબ્ર કરો તો નિશ્ચય હી યહ સબ્ર કરનેવાલો કે લિયે જ્યાદા અચ્છા હે." દોસ્તો બદલો પણ શેનો? આવા 'બદલા'નો કોઈ જ અંત નથી. ચાહે હિન્દુ હોય કે મુસ્લિમ 'ક્ષમા' એ જ એનો સુખદ અંત છે પરંતુ 'બદલા'ના નામે તમને ઉશ્કેરવામાં આવે છે. ધર્મના નામે, અલ્લાહના નામે, ઈશ્વરના નામે તમને ભડકાવીને તમારી અજ્ઞાનતાનો, તમારા ગુસ્સાવાળા સ્વભાવનો કેટલાંક તત્વો ગેરફાયદો ઉઠાવે છે અને તમે તમારી આખી કોમને-સંપ્રદાયને બદનામ કરવા તૈયાર થઈ જાવ છો. તમારા આતંકથી આખોય ઈસ્લામ ધર્મ-મુસ્લિમ જાતિ બદનામ થાય છે. શું તમે જાણો છો તમારી પાસેથી આવું ધૃણિત કૃત્ય કરાવનારા સાચા ખલનાયકો કોણ છે? એ તમારા સુધી એક ક્ષણમાં પહોંચી શકે છે પણ તમે જીવનભર એમના સુધી નથી પહોંચી શકતા?

દોસ્તો, તમે કદી એ વિચાર્યું છે કે તેઓ કેવું જીવન જીવે છે? તેઓના સંતાનો દુનિયાની શ્રેષ્ઠ સ્કૂલો/યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરે છે, તેઓની પત્નીઓ હિરા ઝવેરાતથી ઢંકાયેલી રહે છે તેઓના પાલતું કુતરાઓ પણ મહિને લાખો રૂપિયાનો ખર્ચ કરાવે છે.. અને તમે? કેવુંછે તમારું જીવન? તમારા સંતાનો કેવી સ્કૂલોમાં ભણે છે? અને તમારી પત્ની! દોસ્તો... સમાજમાં સાચો આતંક ફેલાવવાનું કાર્ય તો તમે કરો છો? તો પછી આ જાહોજલાલી તમારે હોવી જોઈએ એના બદલે... તમારે ભાગવાનું, છુપાવવાનું, એન્કાઉન્ટરથી મરવાનું, પોલીસથી બચવાનું, જેલમાં રહેવાનું અને મોજમજા તમારા 'દાઉદો' કરે? તમારામાં આટલીયે બુદ્ધિ નથી? અહીંયા તમારે રહેવાનું છે એમને નહીં.

મિત્રો, હું જાણું છું કે કદાચ તમારી પણ મજબૂરી હશે, પરંતુ એ મજબૂરી દૂર કરવાના બીજા ઘણા ઉપાયો છે. તમે માત્ર એટલું જ વિચારો કે આવા કૃત્યથી શું તમારો પોતાનો ય આત્મા રાજી રહે છે? કોઈના મા-બાપ, પુત્ર, બહેનને તરફડતા-મરતા તમે જોઈ શકો છો? બોમ્બ ધડાકાથી મા-બાપ મરી જવાથી અનાથ બનેલા આઠ-દસ વર્ષના બાળકની સ્થિતિનો તમે વિચાર તો કરી જુઓ! ખુદા ન કરે પણ તમારા જ બાળક સાથે આવું થાય તો? કેમ તમે કશુંય વિચારતા નથી? બધી વાતોના-ઘટનાઓના જવાબ માત્ર બુદ્ધિથી નથી મળતા ક્યારેક હૃદયથી પણ વિચારવું પડે છે... એક આતંકવાદી તરીકે તમારી પત્ની અને બાળકો તમને સ્વિકારશે ખરા? જે પત્નીએ પોતાનું સર્વસ્વ તમને સોંપ્યું છે જે ખુદા બાળક બનીને તમારે ઘેર અવતર્યા છે એમને તરછોડીને, દગો દઈને તમે જેને ઓળખતા નથી, જેને કદી જોયા નથી એવા ગેંગલીડરોની પ્રભાવક વાણીમાં-ફતવાઓમાં તમે શા માટે ફસાઈ જાવ છો? તમો એ જાણો છો કે તમારા આવા અપકૃત્યને કારણે તમારી જ કોમના સજ્જન પરિવારોને કેટલુંસહન કરવું પડે છે? બીજું એટલું ખાસ ધ્યાનમાં રાખશો કે 'કોઈની જીત કાયમ રહેતી નથી' તમે 'હારશો' ત્યારે તમે તો ભાગીને કદાચ બચી જશો પણ તમારા પરિવારના અન્ય સભ્યોનું શું? તમારા બાળકોનું, સ્ત્રીઓનું, માતા-પિતાનું શું? એમની ચીસો તમે સહન કરી શકશો? એમની સ્થિતિનો તો તમે વિચાર કરો? કોઈ એક વ્યક્તિ, એક પક્ષ કે એક સંપ્રદાય સામેની લડાઈમાં નિર્દોષ (હિન્દુ કે મુસ્લિમ) ને શા માટે મારો છો? રામનું મંદિર બને કે અલ્લાહની મસ્જિદ બને... એનાથી તમારા ઘરનું દારિદ્ર-દુઃખ દૂર નથી થવાનું! સાચું મંદિર કે મસ્જિદ તો તમારા પોતાના હૃદયમાં છે. તમારી પત્નીના, બાળકોના, માતા-પિતાના હૃદયમાં છે. એમના સ્વપ્નો પુરા કરો, એમને સુખ ને શાંતિ આપો એ જ સાચો ધર્મ છે, સાચી બંદગી છે... મિત્રો... તમે રમઝાન માસમાં રોજાં રાખો છો એનો મતલબ શું છે જાણો છો? તમે એક દિવસ કશુંય નથી જમતા તો એ અનાજ ગરીબ લોકોને મળે... એમની ભૂખ સંતોષાય... એવો ઉદ્દેશ્ય છે પરંતુ તમે તો ગરીબોને જ મારો છો. જેને મારવા જોઈએ એ તો લોખંડી સુરક્ષામાં છે. પ્રજાને મારીને તમે એમને વિચલિત નથી કરી શકવાના, એ તો સુરક્ષા વધુ ઘેરી કરશે અને વધુ તાકતવર થઈ તમારી, તમારા પરિવારની સુરક્ષા તોડશે! મિત્રો, સિકંદર જેવા સિકંદરને પણ હારનો સામનો કરવો પડેલો છે 'જીતની ખુશી કરતા હારની પીડા વધુ દુઃખદાયક હોય છે. બંને પક્ષે આ બાબત વિચારવા જેવી છે. આ પૃથ્વી ઉપર ખુદાએ, ઈશ્વરે એક જ 'જાતિ' બનાવી છે એક જ ધર્મ બનાવ્યો છે અને એ છે 'માનવજાતિ' અને 'માનવધર્મ' એ આપણે કેમ ભૂલી જઈએ છીએ? ધર્મના મૌલવીઓ, ઠેકેદારો અને નેતાઓના નાપાક ઈરાદાઓના ચક્રવ્યૂહમાં તમારા જેવા જાંબાઝ યુવાનો ફસાઈ જાય છે. એ અફસોસની વાત છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)